ગાંધીનગર સમાચાર

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ચાડિયો ચાલ્યા જશે પછી બધું ચરાઇ જશે!
ચરી જશે આંખલા પેટ ભરી ધરાઇ જશે!
જરૂર શી છે આંદોલનની, લોકપાલ લાવો! -
ગુજરાતની બધી જેલો આખી ભરાઇ જશે!
(ભાજપ, જેલ ભરો આંદોલન કરશે)

## હાઇકુ

હાથે કરીને -
મારે પગે કુહાડી -,
'ન્યૂઝ'માં રહી!
(મિડિયા ના મરીઝ)

'શંકર' લાવો -
કોંગીને જરૂર છે -
ત્રીજા નેત્રની..
(પ્રમુખપદે કોણ?!)

## ચિંતન

**પૂર્વદત્તેષુ યા વિદ્યા પૂર્વદત્તેષુ યદ્ધનમ્ ।**
**પૂર્વદત્તેષુ યા ભાર્યા અગ્રે ધાવતિ ધાવતિ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'ના આ શ્લોકમાં પૂણ્ય-કર્મનાં બંધનની વાત સમજાવવામાં આવી છે :

'પૂર્વ જન્મ કરેલાં સત્કર્મો-દાન-પુણ્ય, અને વિદ્યાદાન, આપવામાં આવ્યું હોય અને પૂર્વજન્મોમાં કરેલાં સાચાં-ખોટાં કર્મોનાં પરિણામે ભાર્યા-પત્ની એ પ્રમાણે જ મળે છે. જે સાચી કે ખોટી, સારા સ્વભાવ કે દુષ્ટ સ્વભાવવાળી સ્ત્રી પ્રાપ્ત કરવાનું નિર્માણ થયું હોય તે જ અને તેવી જ સ્ત્રી, વિદ્યા અને ધન આપણી આગળને આગળ આવી ઊભાં રહે છે.'

કોઇ સજ્જન-સુંદર-સરળ યુવતીને દુષ્ટ દુરાચારી પતિ કે કોઇ સંત જેવા પતિને રાક્ષસી જેવી પત્ની મળે એ વ્યવહારમાં વિચિત્ર દેખાય છે પણ આપણાં પૂર્વે કરેલાં કર્મોનું જ ફળ છે.

કર્મોને કારણે જ વિદ્યા-અભ્યાસની લાઇન મળે, કોઇ ઉચ્ચ-સંસ્કારી વિદ્યાર્થી સમાજ સેવાની તક આપોઆપ મળે કે દુષ્કર્મોની એવી વિદ્યા પ્રાપ્ત થાય જેનાથી ઝેરી દવાઓ-હથિયારો- કે સમાજને હાનિ કરતાં ધંધા કરવા પડે.

આમ તમે ઇચ્છો કે ન ઇચ્છો ગમે તેવી સાવધાની રાખો છતાં નસીબમાં લખ્યાં હોય એવો જ પતિ કે પત્ની, વિદ્યા કે લક્ષ્મી-અલક્ષ્મી મળે છે.

## સુવિચાર

- લેખકનો શ્રેષ્ઠ મિત્ર કોણ? ટેબલ પાસે પડેલી કચરા ટોપલી **- ઇઝાક સીગર**
- કફન પર પાથરી ચાદર અને મહેફિલ જમાવી છે । દફન કરી દિલમાં દુઃખો ખુશાલી ખૂબ મનાવી છે ॥ **- બેફામ**
- અનુભૂતિ વગરની અભિવ્યક્તિ કદી અસરકારક બનતી નથી **- ગુણવંત શાહ**
- જે પુસ્તક વાંચવા જેવું હોય તે ખરીદવા જેવું પણ હોય જ છે **- જ્હોન રસ્કીન**
- માણસ એક દુકાન છે અને 'જીભ' એનું તાળું છે તાળું ખૂલે ત્યારે જ ખબર પડે કે દુકાન સોનાની છે કે કોલસાની **- સૂફી કિવિ રૂમી**
- ખૂશખૂશાલ ચહેરે ઉપાડેલો બોજ તદ્દન હળવો લાગે છે **- હરકિશન મહેતા**
- તમારી સાથે જે કંઇ બને છે તે 'અનુભવ' નથી પણ એ બનાવ વખતે તમે કઇ રીતે વર્તો છો તે જ સાચો અનુભવ છે **- હકસલે**

## બોધ કથા

આપણામાં કેટલાકનો સ્વભાવ નાની-નાની વાતો મનમાં સંગ્રહી સતત દ્વેષ અને ગુસ્સામાં દુખી થતાં હોય છે આ પ્રસંગે મારે ત્યાં આવ્યાં નહીં, મને આમ સંભરામણી કરી જીવનભર ભૂલતા નથી - જયારે કેટલાકનો સ્વભાવ 'રાત ગઇને વાત ગઇ' જેવો હોય કોઇ પણ અપેક્ષા રાખ્યા વિના ક્ષમા આપી દે અને જે કંઇ બન્યું હોય તે મનમાંથી કાઢી જ નાખે. જૂની વાતો પગમાં પડેલાં કાંટાની જેમ ચૂભતી રહે છે એને કાઢીને ફેંકી દો.

બે મિત્રો હતા એક સરળ અને ક્ષમાવાન અને નિખાલસ સ્વભાવનો, જયારે બીજો ડંજીલો - નાની નાની વાતોની નોંધ રાખી દુખી થનારો અને પોતાની આસપાસનાં તે પણ આવી વાતોથી પરેશાન કરનારો.

સમજુ મિત્ર એને નાની-નાની વાતો મનમાં રાખી દુઃખી ન થવા સમજાવતો પણ એનાં મનમાં ઉભરતું ન હતું. એણે એક સંતને પોતાના મિત્રના સ્વભાવની વાત કરી. સંત કહે એને આજે સાંજે મારી પાસે મોકલજો.

સાંજે પેલો સંત પાસે ગયો. સંતે તેને એક ગાદીવાળી ખૂરશીમાં બેસવા કહ્યું. પેલો બેઠો કે તેને 'ટાંકણી' ભોંકાઇ - શોધી ને ટાંકણી કાઢી લીધી ને મિત્ર દૂર ફેંકી, પછી આવી નિરાંતે બેઠો.

સંત કહ્યું એ ટાંકણીની જેમ જ કોઇની ભૂલ-ચૂક, કોઇનો સ્વભાવ કોઇના શબ્દો મનમાંથી કાઢી નિરાંતે બેસ! ને એ સમજી સુધરી ગયો.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# મકાન વેચીને દીકરીઓ પાસે જાય તો પણ એકલતા સતાવ્યા વિના રહે નહીં, અહીં તો જુની યાદો સુગંધની જેમ તેની આસપાસ ફેલાયેલી રહેતી હતી, તેના કારણે જ અમૃતાને આ ઘર પોતાનું લાગતું હતું

## નવાં ક્લેવર

- નટવર હેડાઉ

તેણે રસોડામાં જઈને એક પછી એક ડબ્બા ફેંદયા. તેમાં એક ડબ્બામાંથી લસણનો પાપડ કાઢી 'માઈક્રોવેવ'માં મુકયો. પળવારમાં પાપડ શેકાઇ ગયો. તેને એક પ્લેટમાં લઈ એ ડ્રોઈંગરૂમમાં આવી ગઇ. તેણે ટીવી અને એસી એક સાથે ઓન કર્યા.

થોડીવાર પછી સોફા પર બેઠી એ રડતી હતી. ફક્ત આંસુઓ નહીં પણ હિબકાં ભરી ભરીને તેનુ રડવાનું ચાલું થઈ ગયું હતું. પાપડ પ્લેટમાં એમ જ પડ્યો હતો. એક બાજુથી નાનો ટૂકડો તોડેલો ખરો, એ પણ એમ જ પડ્યો તો, ખાદ્યો ન હતો.

અમૃતાની ઉંમર સીત્તેરથી વધુ હશે. પણ એટલી લાગતી ન હતી. તેનું કારણ કદાચ એ હશે કે તે ઘરમાં એકલી જ રહેતી હતી. એ પરિસ્થિતિમાં માણસને જીવવાનો સમય જ કયાં મળે છે? અને જો જીવાય નહીં તો ઉંમર વધે કયાંથી?

અમૃતાનું રડવાનું કારણ કંઈ ખબર પડતી ન હતી. ખબર પડે પણ કઈ રીતે? તેને કોણ પુછે? શું કારણ હોઈ શકે. શું ટી.વી. પર જે કાર્યક્રમ આવતો તેની સંવેદના તેને રડાવતી હતી. ના... ના... હવે એવા કાર્યક્રમો તો આવે જ કયાં? જો જોઈને રડી પડાય. હાં અત્યારે તો એ વાતે કદાચ રડવું આવી જાય કે ટી.વી. સામે બેઠા શું કામ... તો પછી શું થયું હશે. શું પાપડ સારો નહી હોય? પણ લસણીયો પાપડ તો તેને બહુ ભાવે છે.

અમૃતા આ ઘરમાં કાયમ એકલી રહેતી એવું પણ ન હતું. કોઈ હંમેશા એકલું જ રહેયું હોય એવું કયાં બનતું હોય છે. આ દુનિયા તો મેળો છે. તેમાં કોઈ એકલું રહી પણ કઈ રીતે શકે? આજથી ત્રીસ વર્ષ પહેલાં અમૃતાનું આ ઘર પણ ભર્યું ભાદર્યું હતું.

આ ઘરમાં જયારે તે નવી વહુ થઈને આવી હતી. ત્યારે ઘરમાં સાસુ-સસરા, દિયર-નણંદ અને તેના પતિ બધાં હતા. ચાર-પાંચ વર્ષમાં દિયર અને નણંદ પોતપોતાને ઠેકાણે જતાં રહ્યાં. પણ તેમની જગ્યા પુરવા જાણે કે તેની બે દિકરીઓ આવી ગઈ. નાની - નાની જોઈને વ્હાલી લાગે તેવી.

તેની સાસુ પોતાનો પ્રભાવ પાડનારી ઘરરખુ સ્ત્રી હતી. તે ઘરમાં અને બહાર તેનો દબદબો બરાબર જાળવતી. શરૂઆતમાં તો તે એ વાતે વિવેક મર્યાદા જાળવતી કે વહુ કેનિયાથી આવી છે. તેના પીયરવાળા પૈસાદાર વેપારી છે. પણ ધીરે ધીરે એ વાતોની જગ્યા એ છેવટે એ વાત આવી ગઈ કે તે સાસુ છે અને અમૃતા વહુ છે. તેથી વહુ એ એવી રીતે જ રહેવું પડતું જેમ તેની સાસુ ઈચ્છતી આવી છે અને તેનાં મા-બાપની એકની એક દીકરી છે. હવે તેના પિતાએ પણ ભારત પાછા ફરીને પોતાનો બહોળો વેપાર ધંધો અહીં જ વિકસાવ્યો છે. તેને તો બસ એક જ વાત હતી કે તે લગ્ન કરીને અમારા ઘરમાં આવી છે. તેથી અમારી વહુ છે. તેથી અમે ઈચ્છીએ તેમ તેણે રહેવાનું છે.

જો કે અમૃતાને કોઈ વાતે ઓછું આવે તેવું પણ બન્યું નથી. કેમ કે અમદાવાદના પોશ વિસ્તારમં વિશાળ જગ્યામાં ફેલાયેલા આ બંગલામાં કોઈ વાતની કમી ન હતી. અમૃતાએ કયારેય નોકરી નથી કરી. પતિ અને સસસા બંને સારૂં કમાયા હતા. દીકરીઓ સારી સ્કૂલમાં ભણતી હતી. દિયર અને નણંદ પોતપોતાના કેરિયર બનાવવામાં વ્યસ્ત હતા.

અમૃતાની સાસુ પાપડની બહુ શોખીન હતી. તેને એ જમાનામાં પણ અનેક પ્રકારના પાપડ ઘરમાં રાખવાનો શોખ હતો. તેથી તે પોતે ઘરમાં જાત જાતનાં પાપડ બનાવડાવતી હતી. જયારે તે બજારમાં જાય ત્યારે શહેરના ગમે તે ખૂણાના ગમે તે કરિયાણાના વેપારીને પાપડ બાબતે પુછવાનું ભૂલતી નહીં અને તેને જે નવા ફલેવરના પાપડ મળે તે ખરીદી લેતી. બટાકા, ડુંગળી, મગ, અડદથી લઈને લસણ અને આદુની ફલેવરવાળા પાપડ તેના રસોડામાં મળી જાય. એટલું જ નહીં પણ તે પોતે નવા નવા પ્રયોગો કરી શાકભાજી અને મસાલાનાં કંઈક અલગ ફલેવરના પાપડ બનાવવાનો પ્રયત્ન કરતી. તેને આવા પાપડ ખાવાનો જેટલો શોખ હતો એટલો જ ખવડાવવાનો પણ શોખ હતો. તેમને ત્યાં જમવા આવનાર મહેમાનો ને પોતાની પસંદગીની વાનગીઓ સાથે પાપડની વાત અવશ્ય થતી અને તેમની સામે જાત ભાતનાં પાપડ મુકાતા જેમાંથી તેમણે પસંદગી કરવી પડતી.

આખી સોસાયટીમાં તેમની પરિચિત સ્ત્રીઓ સાથે મળીને લગભગ બે કે ત્રણ દિવસનો પાપડ કાર્નિવલ યોજવામાં આવતો. જેમાં બધી સ્ત્રીઓ ભેગી મળી જાતજાતના પાપડ બનાવતી. શિયાળાની ઠંડીના સમયમાં બંગલાના ધાબા ઉપર અને ઉનાળાના સમયે ઘરની ઓસરીમાં સ્ત્રીઓનું ટોળું એકત્ર થતું અને પછી કોઈ તહેવારની ઉજવણીની જેમ પાપડ બનાવવાની કામગીરી થતી. એ લોકો કોણ જાણે કયાં કયાંથી અવનવી જાતના પાપડ બનાવતી તરકીબો શીખી લાવતી. પછી બધી સ્ત્રીઓ આ ટેકનિકોને ફળીભૂત કરવા કમરકસી એક થઈ બેસી જતી. તેમાં સાસુએ, અને વહુઓ એક સાથે મળીને ભાગ લેતી.

ત્યારે અમૃતા અને તેના ઘરની બે નોકરાણીઓ આ મહિલાઓ માટે બપોરની ચા અને નાસ્તાની વ્યવસ્થા કરવામાં લાગી જતી.

ડાઈનિંગ ટેબલ પર બેઠાં બેઠાં અમૃતાનો પતિ અને તેના સસરા મજાક કરતાં કે 'પાપડ' બનાવનાર માટે મગની દાળનો શીરો બની રહ્યો છે. રસોડામાંથી જાત જાતની ક્રોકરીમાં સજાવટ કરીને નાસ્તો અને ચ્હા તે ગૃહિણીઓ માટે પીરસાતાં તે પર પોરસાઈને બપોર સુધી પાપડ વણતી રહેતી. તેથી દિવસ આખો ઘર જ નહીં પણ આખી શેરી ભરીભાદરી રહેતી. આ પાપડ જેટલી ધૂમધામથી બનાવવામાં આવતા તેટલી જ શાન-શૌક્ત સાથે આરોગવામાં આવતા. પહેલાં તો સુંદર પેકીંગમાં થોડા થોડા દરેક ઘેર મોકલવામાં આવતા. જે ગૃહલક્ષ્મીઓ એ આ કામમાં ભાગ લીધો હોય તેમને સુંદર ડબ્બામાં પેક કરી ઉપર નામ લખી મોકલાતા અને તે મહિનાઓ સુધી ભોજનમાં નવો જાયકો લાવતા.

અમૃતાની સાસુ ખવડાવવાની જબરી શોખીન હતી. ડાઈનિંગ ટેબલની આસપાસ ફરીને કોઈ શિક્ષિકાની માફક સૂક્ષ્મ નિરીક્ષણ કરતી કે કોને શું ભાવે એછે અને પછી ખુબ જ હોંશિયારી પૂર્વક આત્મીયતાથી તે પીસસતી. કોને સલાડમાં ગાજર જોઈશે, કોઈને મૂળો પસંદ છે. કોણે લીંબુને અડ્યું પણ નથી અને કોણ પનીર અને માખણનો ચાહક છે. કોને મીઠું નથી ભાવતું અને કોણે મસાલેદાર ચીડ વિના નથી ચાલતું એ બધું તેની નજરમાં આવી જતું અને એ સાક્ષાત્ અન્નપૂર્ણાની જેમ સૌને પીરસીને તૃપ્ત કરતી.

તે સમયે કોને ખબર કે આ બધી વાતો એક દિવસ ઈતિહાસ બની જશે. જયારે સાસુજીની સૌ સહેલીઓ પાપડ બનાવવા એકઠી થતી ત્યારે ધમાલ ને શોરબકોર થતો તેને અમૃતાનો દિયર પોપ મ્યુઝીક કહેતો. ઘરનાં બધાંને તેની આ મજાકની ખબર હતી. પાપણ વણવા દરમિયાન સ્ત્રીઓ દ્વારા ચીસાચીસ ને હાહાકાર ને પોપ મ્યુઝીક સાથે એ સરખાવતો. અને તેની માં ને કહોતો 'મમ્મી તમારો હવે પછીનો પાપ મ્યુઝીક શો કયારે છે?' તે માટે ઈન્વીટેશન કાર્ડ છપાવી દઉં?

સાચી જ વાત છે કે માઈકલ જેકશન. મેડોના, લેડી ગાગા કે મહંમદ રફી સૌ એક દિવસ પોતાના અવાજમાં રડી જાય છે. અમૃતાએ જિંદગીની આ કડવી સચ્ચાઈ સારી રીતે સમજી લીધી હતી. સાસુ-સસરા તો બંને કેટલાય વરસ પહેલાં દિવંગત થઈ ગયાં. તે પછી એક દિવસ સહેજ અમથી હાર્ટ એટેકના હુમલામાં પતિ પણ ગયા. દીકરીઓ લગ્ન કરીને પોતપોતાને સાસરે જતી રહી હતી. તે હવે કયારેક મહેમાનની જેમ આવતી. હવે તો ઘરમાં માત્ર અમૃતા જ રહી ગઈ હતી. જો કે તેને પૈસે ટકે કોઈ મુશ્કેલી ન હતી. પતિ અને સસરા ખુબ જ કમાણી કરી ને મુકી ગયા હતા. જો કોઈ મુશ્કેલી હોય તો સામે બોલવાવાળાની હતી. એકલતા તેને બહુ સાલતી હતી.

દીકરીઓ ઘણી વખત કહેતી કે અમારી સાથે રહેવા આવી જા પણ અમૃતાનું મન માનતું ન હતું. તેમનું મકાન ખરીદવા માટે ઘણી પાર્ટીઓ તરફથી ઓફરો આવી ગઈ હતી પણ અમૃતા એમ કરીને નકારતી કે તે ભલે એકલી હોય પણ તેનાં ઘરમાં તેના પતિ અને સાસુ-સસરાની યાદો વચ્ચે જીવવું તેને ગમે છે. મકાન વેચીને દીકરીઓ પાસે જાય તો પણ એકલતા સતાવ્યા વિના રહે નહીં. અહીં તો જુની યાદો સુગંધની જેમ તેની આસપાસ ફેલાયેલી રહેતી હતી. તેના કારણે જ અમૃતાને આ ઘર પોતાનું લાગતું હતું. તે એવી કલ્પના પણ કરી શકતી ન હતી કે આ ઘરને વેચીને તેના અતિતનની વિરાસતને છીન્નભિન્ન કરી નાંખે. શહેરમાં જયારે કોઈ સેલ કે વેપાર મેળો ભરાય તેમાં એ મન બહેલાવવા નીકળી પડતી. એકલા રહેતા વ્યકતિની ઘરની જરૂરિયાતો કેટલી હોય. પણ તેને આજે પણ એ દિવસો યાદ આવતા હતા જયારે તેના સસરા કે પતિ મોટી ગાડીમાં તેને શોપિંગ માટે લઈ જતાં. અમૃતાને લાગતું કે જો હું શોપિંગ કરવા નહીં જાઉં તો મારા પતિ અને સાસુ-સસરાની સ્મૃતિઓને ખોટું લાગી જશે. તે યાદોને પોતાનામાં જાળવી રાખવા તૈયાર થતી અને બહાર નીકળી પડતી.

આવા જ એક ફૂડ ફેસ્ટીવલ કમ મેળામાં તેણે પાપડની એક વિશાળ દુકાન જોઈ તો તે પોતાની જાતને રોકી ન શકી. તે તેના મોટા શમિયાણામાં દાખલ થઈ ગઈ. ત્યાં તેણે જોયું તો જુદા જુદા રાજયમાં બનતા અલગ અલગ સ્વાદ ને સોડમના પાપડ મળતા હતા. તે ખુબ સરસ સજાવટ કરીને મુકેલા હતા. તેણે સેલ્સમેનને પોતાની પાસે બોલાવી બધી જ જાતના પાપડમાંથી થોડા થોડા કાઢીને પેક કરવા કહ્યું. અહીંતો પચાસથી વધુ પ્રકારના પાપડ હતા. સેલ્સમેન છોકરાને ખબર પડી ગઈ કે આ દેખાવે જાજરમાન લાગતી વૃદ્ધ મહિલા મોટી કારમાં આવી છે. એને તેને બહુ બધા પાપડ ખરીદીને લઈ જવા છે. તેથી પોતાના સંભાવિત મોટા ગ્રાહકને ધ્યાને લઈને ખુબ જ ચીવટપૂર્વક તે પાપડ પેક કરવા લાગ્યો.

તેણે પુઠ્ઠાનું એક બોક્સ લીધું તેમાં બધી જ જાતના પાપડ પેકેટ મુકવા લાગ્યો. તેણે એનુમાન કર્યું કે કદાચ લગ્ન જેવો કોઈ પ્રસંગ ઘરમાં આવતો હશે. તેથી પાપડની ખરીદી મોટા પાયે કરતી હોવી જોઈએ અથવા તેને પોતાને આ પ્રકારનો કોઈ ધંધો હોવો જોઈએ જેમાં વેચાણ માટે આટલો માલ ખરીદી રહી છે. તે તન્મયતાથી પોતાનું કામ કરતો રહ્યો. અમૃતા તેની પાછળ પાછળ ધીમી ગતિએ ચાલતી તેને પાપડ પેક કરતાં જોતી રહી.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# મોટા ભાગની ગુનાહિત પ્રવૃત્તિઓમાં એવા લોકો સંડોવાય છે, જેમનાં પેટ ઠાંસી ઠાંસીને ભરેલાં છે, ગજવા બાપાના કમાયેલાં પૈસાથી ફાટફાટ થાય છે અને મગજમાં ભરી છે સત્તાની કે ઘમંડની રાઇ

## પારિજાત

- રેખા ભટ્ટ

દેખી બુરાઇ ના ડરૂં હું શી ફિકર છે પાપની
ધોવા બુરાઇને બધે ગંગા વહે છે બાપની!
(કલાપીની ખૂબ ખૂબ ક્ષમાયાચના સાથે)

દિલ્હીમાં બહુચર્ચિત બળાત્કાર કેસ થયો. ગુનેગારોને એમના માટે (પાછો 'નરાધમોને' શબ્દ વપરાયો) ફાંસી આપો. એવા દેખાવો થયા. આખો દેશ આ એક મુદ્દા પર સંમત થઇ ગયો કે આવું નીચ કૃત્ય ફરી થઇ શકે નહીં એવો દાખલો બેસાડવો જોઇએ... વિ.. વિ.. ટી.વી. ઉપપર આ બધું જોઇને/સાંભળીને/આપણને થતું હતું હવે દેશમાં ક્યારેક કોઇની પર બળાત્કાર નહીં થાય! એના બીજા જ દિવસે, એક જ દિલ્હી શહેરમાં બીજી આવી ઘટના બની, અને આટલા સમયમાં આજની તારીખ સુધીમાં દેસમાં આવા કેટલાયે બનાવો બન્યા... કેટલાક કિસ્સા આપણે જાણ્યા અને ઘણાં બધા કિસ્સા જાણી શક્યા નહીં...

બળાત્કારથી થતી લાચારી, જાહેરમાં અપમાન, ઘૃણા, માનસિક શારીરિક ત્રાસ, મારજૂડ, બળજબરી, કુટુંબીજનોને પણ જીવવું હરામ થઇ જાય એટલો જુલમ... અને મરણ સારૂં લાગે એવી બધી વ્યથા પિડિત બાળકી, યુવતી કે સ્ત્રીએ વેઠવી પડે છે, અને એ બધું વધારે પડતું થાય છે ત્યારે સ્ત્રીને 'ફૂલન દેવી', ભંવરી દેવી બનવું પડે છે. પણ આવી ફૂલનદેવી/ભંવરીદેવી કેટલી? જે અન્યાય સામે બળવો કરે? અને એમણે બળવો કર્યો તો ખરેખર સમાજની/પુરૂષોની માનસિક્તા બદલાઇ ખરી?

આવા પ્રશ્નો કેટલાયે છે પણ જવાબ સાદો-સીધો અને એક જ છે. 'ના'...'ના' અને 'ના.'

કેમ?

સર્વસામાન્ય માન્યતા એવી પ્રચલિત છે કે ગરીબી અને ભૂખમરો ગુના તરફ લઇ જાય છે. પણ ભૂખ્યો માણસ કયારેક રોટલો ચોરે છે કે ગરીબ માણસ મુઠ્ઠી ભર પૈસા જ ચોરી કરે છે... અને ગુના કરતાં વધારે પડતી સજા ભોગવે છે. કયારેક વગર ગુને પણ સજા ભોગવે છે એ પાછી જુદી વાત છે.

પણ, મોટા ભાગની ગુનાહિત પ્રવૃત્તિઓમાં એવા લોકો સંડોવાય છે. જેમનાં પેટ ઠાંસી ઠાંસીને ભરેલાં છે, ગજવા બાપાના કમાયેલાં પૈસાથી ફાટફાટ થાય છે અને મગજમાં ભરી છે સત્તાની કે ઘમંડની રાઇ.

બહુ જૂના જમાનાથી પ્રચલિત દોહરો આજે પણ એટલો જ પ્રસ્તુત છે.

ધન, જોબન ને ઠાકરી તે ઉપર અવિવેક,
આ ચારે ભેગાં થયાં તો અનર્થ કરે અનેક.

છાપાં, ટીવી, ઉભરાય છે ગુનાહિત પ્રવૃત્તિઓના સમાચારોથી. ખોટા રસ્તેથી અને ઓછી મહેનતે મળેલો વધારે પડતો પૈસો અવળા રસ્તા સૂઝાડે છે. અધિકારીઓ ઊંચા હોદ્દા પર હોવા છતાં હાથ નીચેનાં મહિલા કર્મચારીઓનું જાતીય શોષણ કરે છે/ ક્રિકેટરો રમત રમતાં રમતાં સટ્ટાબાજી ના ચવાડે ચડી જાય છે/ પ્રસિદ્ધ અને પૈસાની ઘેલછા ન સંતોષાતાં ફિલ્મસ્ટારો આત્મહત્યા કરે છે/ડોક્ટર બનવા ગયેલો યુવક ટ્રેનના પાટા નીચે પડતું મુકે છે/ નાની અમથી વાત પર ઝઘડો અને ખૂન થઇ જાય છે/ પ્રતિષ્ઠિત માણસો બાળકોનાં અપહરણ-ખૂન કરે છે/પ્રતિષ્ઠિત મા-બાપો પોતાનાં વ્હાલાં સંતાનોનાં ખૂન કરી નાખતાં ખચકાતાં નથી/મોંઘીદાટ ગાડીઓ અને બાઇકો ચલાવનારાના 'હીન એન્ડ રન' કેસોની સંખ્યા નાની સૂની નથી..

નશાખોરી/સટ્ટો/ચોરી/ખૂન/આત્મહત્યા/લૂંટ/અપહરણ/બળાત્કાર/દેશદ્રોહ/આતંકવાદીઓને છાવરવા/દાણચોરી/હિટ એન્ડ રન...

આમાંથી કયો ગુનો 'ગરીબ' માણસે કર્યો છે? ગરીબને સમય જ નથી આ ઉપર ગણાવી તે 'લકઝરી' ભોગવવા માટે. એને તો કકડીને પેટમાં લાહ્ય બળે એવી ભૂખ લાગી હોય તે હોલવવા કાળી મજૂરી કરવી પડે છે. તોયે પેટ ભરાય એટલું પામતો નથી અને ખિસ્સું તો ભરાતું જ નથી અને થાક્યો પાક્યો સડક રસ્તાના કિનારે એવો પડે છે કે પડતાવેંત ઊંઘી જાય -

હા, એવું નથી કે એ લોકો ગુનો નહીં કરતાં હોય... કે લાચારીથી. અવળા રસ્તે ફંટાઇ જતા હશે. થોડા સમય પહેલાં એક સર્વે કરવામાં આવ્યો એક મોટી ઝૂંપડપટ્ટીનો એમાં કેટલાંય કુટુંબો બેહાલ કફોડી સ્થિતિમાં હતા. એમનાં બાળકો નાગા ભૂખ્યા - નિરાધાર - ફરતાં હતા. એમનાં રહેવા - ખાવા - ભણવાની કોઇ સગવડ ઉપલબ્ધ હતી નહીં. ત્યારે સર્વે કરનારાઓએ માન્યું કે આ બાળકો આવતીકાલે મોટાં થઇ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાઇ જશે.

પછી એ જ ઝૂંપડપટ્ટીનો કેટલાંક વર્ષો પછી ફરી સર્વે કરવામાં આવ્યો તો સૌના આશ્ચર્ય વચ્ચે જાણવા મળ્યું કે પેલાં નાગાં-ભૂખ્યાં બાળકો પૈકી મોટા ભાગનાં બાળકો કોઇને કોઇ નાના મોટા કામધંધે વળી ગયાં હતા. અને કમાતાં થઇ ગયાં હતા...

નવાઇ લાગે એવી વાત નથી? અસામાજિક/ખરાબ પ્રવૃત્તિ કરવા માટે ગરીબી કારણ નથી. ઉલ્ટાનું 'નવરો બેઠો નખ્ખોદ વાળે એ ન્યાયે' નબીરાઓ કે નબીરીઓ - જેમનાં માથામાં સો મણ રાઇ ભરી છે તે તેમને ઝંપવા દેતી નથી. વાતવાતમાં ઝઘડા/અપહરણ/મારપીટ/ખૂન થઇ જાય છે. કાં તો 'ડિપ્રેશન' આવી જાય છે જે આત્મહત્યા કે ખૂન તરફ લઇ જાય છે.

પછી પૈસો પૈસાનું કામ કરે છે. અને ભલેને ગમે તેટલી મોટી ઘટના કે કૃત્ય હોય તો પણ આપણે ભૂલી જઇએ છીએ. ઘીના ઠામમાં ઘી પડી જાય છે અને પાછી વોહી રફ્તાર...

ઘણીવાર થાય કે ફિલ્મોમાં વધારે પડતી હિંસા - અત્યાચારનું પ્રદર્શન થાય છે. પણ હકીકત આનાથી સહેજ પણ અલગ નથી. અથવા ફિલ્મો આપણા સમાજનું પ્રતિબિંબ છે.

ઉછરતાં બાળકોને વધારે પડતી અવગણના કે વધારે પડતાં લાડ-પ્રેમ બંને એમને સ્વચ્છંદ બનાવી મૂકે છે અને એનાં પરિણામો ભોગવવાં પડે છે એમની આસપાસ રહેતાં લોકોએ - કોઇ છોકરી પર એસિડ ફેંકાય કે બળાત્કાર થાય કે આસપાસ રમતાં બાળકનું અપહરણ થાય ત્યારે એ લોકો તો બિચારા નિર્દોષ હોય છે પણ આવાં માસનિક વિકૃત બાળકોનાં કારણે ગુનાઓ વધતા જાય છે.

હડકાયા કૂતરાનો વિકલ્પ છે. એને મારી નાખવાનો પણ ખુલ્લેઆમ ફરતાં આવાં અસામાજિક તત્ત્વોનો કોઇ ઉપાય ખરો? કદાચ એમનાં મા-બાપો જ કહી શકે.

બાકી તો કોની સાથે, કયારે શું થાય કેમ કહેવાય?

# દો બુંદ, બરસાત કે..!! જીંદગી જીવવાની કળાનો હૃદયભીનો સંવાદ..!!

## મળસ્કે એક ઝાકળનું ટીપું સૂર્યકિરણ સાથે ઉડી ગયું, કોઇ કહે એ તો વાદળ થયું, પડ્યું એક વરસાદનું ટીપું, એજ હશે એવું મારા હૈયે થયું

## Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

બળબળતા ઉનાળા અને અસહ્ય બફારા બાદ પ્રથમ વરસાદનું ઝાપટું પડ્યું અને એ વરસાદમાં વરસાદનાં બે ટીપાં વાદળામાંથી નીકળ્યાં. પવનનો થપાટો ખાતાં, વાદળાનાં ટૂકડામાંથી છટકીને પૃથ્વીની દિશામાં નીકળ્યાં. બંને એકદમ શાંત હતા. એક ટીપાથી રહેવાયું નહીં એટલે એણે બીજા સાથે સંવાદ ચાલું કર્યો. 'હવે પૃથ્વી સુધીનો પ્રવાસ આપણે સાથે જ કરવાનો છે, તો કંઈક બોલ ને.'

બીજું ટીપું બોલ્યું, 'હું અંતર્મુખ થવાનો પ્રયત્ન કરૂં છું.'

'હવે થોડા કિલોમીટરનો પ્રવાસ બાકી રહ્યો છે. અંતર્મુખ થઈને તું શું કરીશ?'

'જીંદગીનાં છેલ્લા પડાવમાં અંતર્મુખ થવું જ પડે છે. આપણી ગતિ આપણાં હાથમાં નથી. આપણી દિસા આપણાં નિયંત્રણમાં નથી અને આપણે મોક્ષ તો હવે નિશ્ચિત જ છે.'


'તો પછી આપણાં હાથમાં કશું જ ના હોવા છતાં વિચાર કરીને અંતર્મુખ થઈ તું શું કરીશ? એના કરતાં ચાલને આપણે સરસ ગપાટા મારીએ અને જયારે આપણો સમય આવશે ત્યારે વિલીન થઈ જઈએ.'

'એનાથી શું થશે? આપણો મોક્ષ ટળવાનો છે?'

'અચ્છા, એટલે તને ચિંતા કોરી ખાય છે તારા અસ્તિત્વનાં અંતની?'

'કેમ? તને તારા અંતની ચિંતા નથી?'

'ના, આપણો જન્મ વાદળામાં થાય છે અને એજ ક્ષણે આપણું ભવિષ્ય નક્કી હોય છે. વાદળાને આપણો ભાર અસહ્ય થાય એટલે એ આપણે છોડી દેશે. આપણે ગુરૂત્વાકર્ષણનાં તાબામાં જઈને નીચે માથું ઉપર પૂંછડી કરી આપણે પ્રવાસ શરૂ કરીશું, આમાં આપણે શું કરી શકીએ?'



'પૃથ્વી પર પાણીને જીવન કહે છે અને એ જીવનનાં ટીપાંને પોતાનો જીવ બચાવવાનું સ્વાતંત્ર્ય નથી એ અજબ જ લાગે છે.'

'આમ જો, આપણો મોક્ષ થાય છે એટલે શું? તો ટીપાનું અસ્તિત્વ ખલાસ થઈ જાય છે, આપણો જીવ જતો નથી, માત્ર રૂપ બદલાય છે.'

'હું ટીપું છું અને જમીન પર પડ્યા બાદ ટીપું રહેવાનો નથી, મને તો બસ આટલી જ ખબર પડે છે.'

'તું પાણી છે અને પાણી જ રહેવાનો છે, એટલું સમજી લે. તું એટલે હાઈડ્રોજનનાં બે અણુ અને ઓક્સિજનનો એક, તળાવમાં પણ અને સમુદ્રમાં પણ.'

'સારૂં થયું તું ભગી ગયો, બોલ શું વાતો કરીશ મારી જોડે?'

'અરે, ગપાટા મારવાં હજાર વિષય છે. હું તને એક પ્રશ્ન પૂછું છું. આપણે કેમ પડીએ છીએ?' 'આ કંઈ પ્રશ્ન થયો?'

'એટલે આમ જો, દેડકો ગળું ફુલાવીને એની પ્રેમિકાને બોલાવે અને આપણી આરાધના કરે એટલે આપણે પડીએ. એકાદાં દાદીમાં ભગવાનને પાણીમાં ડુબાડીને પ્રાર્થના કરે એટલે આપણે પડીએ...'

'અરે તું કાંઈ ગાંડો થયો છે? આપણે પડીએ છીએ એની સાથે આનો કોઈ સંબંધ નથી. ઋતચક્ર પ્રમાણે વરસાદની ઋતુ આવે એટલે આપણે પડીએ...'

'ખોટી વાત'

'આ જો, આપણે પડીએ છીએ એને મેનેજમેન્ટ ગુરૂઓ જેવો કોઈ અર્થનાં લેબલ ના ચોંટાડીશ.'

'પણ ધારો કે આપણે આપણા પોતાના માટે એવી સમજ કેળવી લઈએ કે, આપણે દેડકાઓ માટે જ પડીએ છીએ અને આપણા વર્ષા વાતમાં ભીંજાઈને દેડકો-દેડકી પ્રણયમં મગ્ન થઈ જાય... માદા દેડકી હજારો ઈંડા આપે એમાંથી અનેક દેડકા સર્જાય, એ જીવજંતુને ખાઈને ધરતીને ચોખ્ખી રાખે, એ દેડકાઓને ખાઈને સાપ જીવતાં રહે...'

'બાપ રે, મેં તો આવો કયારે વિચારેય કર્યો નહોતો...'

'સમજ, બ્રાહ્મણો પર્જન્ય યજ્ઞ કરે, પાણીમાં અડધું શરીર રાખીને આપણને વિનવે એટલે આપણે પડીએ. વરસાદ બનીને પડવામાં કોઈનો વ્યક્તિગત ફાયદો નથી એટલે આપણે બ્રાહ્મણોના યજ્ઞને કારણે જ પડ્યાં એવું સમજવામાં શું વાંધો છે?'

'સાચ્ચેજ, કશો જ વાંધો નથી, અને એકાદી વ્હાલી દાદી વિશ્વનાં કલ્યામ માટે દેવને પાણીમાં ડુબાડીને જીદે ચઢે, તો એના માટે થઈને હું પડું એવું કહેવામાં મને આનંદ જ થશે.'

'હવે કેવો મસ્ત બોલ્યો ને? આમેય આપણે તો પડવાનું જ છે, તો એ પડવાને એકાદો અર્થ - નામ આપીએ તો પડવામાં કેટલી મજ્જા આવે ને? હજી એક ગમ્મત, તને જો ચોઈસ આપીને પૂછવામાં આવે કે તારે કયાં પડવું છે, તો તું કયાં પડીશ?'

'આ વળી પાછું શું નવું શોધી કાઢ્યું?'

'અરે કેવી મજાની વાત, જરા વિચાર તો કરીને જો, કયાંક બે પ્રેમી પ્રેમિકાઓ એકબીજાને અડોઅડ ચાલતાં સમુદ્ર કાંઢાની રેત પર ફરતાં હોય અને બરાબર પ્રેમિકાના હોઠ પર જઈને પડવાનું એટલે એ બંનેના પ્રેમના પુરાવામાં મીઠાશ બનાય... આકરા તડકાથી તરડાયેલી જમીન તરસથી વ્યાકુળ હોય અને આકાશ સામે મીટ માંડીને બેઠેલી હોય એની તૃપ્તિનો પ્રથમ ટીપું બનવાનું... એકાદ નાનકડી પરી જેવી દિકરી બારીમાંતી હાથ બહાર કાઢીને વરસાદને વ્હાલ કરતી હોય એના નાનકડા હાથમાં તળીયા પર જઈને એનું વ્હાલ મેળવવાનું.... એકાદું રંગીન ડિઝાઈનવાળું પતંગિયું એની પાંખ ફેલાવીને રંગોનું પ્રદર્શન કરતું હોય એની પાંખ પલાળવાનું... ગમે તે કરવાનું...'

બીજું ટીપું પહેલાની વાત સાંભળતા સાંભળતા હરખાઈ ઉઠયું હતું અને પહેલા ટીપાએ જયારે એની વાત પુરી કરી ત્યારે અચાનક ભાનમાં આવ્યું અને બોલ્યું, 'અરે આપણું જીવન આટલું રોમેન્ટીક, મસ્ત હોઈ શકે એવો તો મેં વિચાર જ નહોતો કર્યો...'

(અનુસંધાન પાના નં. ૬ પર)